# વડોદરા મહાનગર સેવા સદન

## સર સયાજીરાવ નગરગૃહ, અકોટા, વડોદરા.




પ્રતિ,

શ્રી મ્યુનિસિપલ કમિશનર

વડોદરા મહાનગર સેવા સદન

વડોદરા.

સવિનય વિનંતી કે,

તારીખ – –૨૦૧ સર સયાજીરાવ નગરગૃહનો ઉપયોગ કરવા માટે નીચે મુજબની શિફ્ટ માટે પરવાનગી આપશો.

| | |
|---|---|
| આ માટે પહેલી / બીજી / ત્રીજી શીફ્ટની ફી | ₹ .................................... |
| પ્રત્યેક શીફ્ટ દીઠ વહીવટી ચાર્જ ફી | ₹ .................................... |
| વિદ્યુત ચાર્જીસ | ₹ .................................... |
| શો ટેક્ષ | ₹ .................................... |
| કુલ | ₹ .................................... |

(કોઈપણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિ)

(૧) સંસ્થાનું નામ તથા સરનામું ટેલીફોન નંબર સહ : ....................................................

....................................................

(૨) અરજદારનું નામ તથા સરનામું ટેલીફોન નંબર સહ : ....................................................

....................................................

(૩) અરજદારનો સંસ્થા સાથેનો સંબંધ : ....................................................

....................................................

(૪) સંસ્થાના પ્રમુખ–મંત્રીના નામ–સરનામા : ....................................................

....................................................

(૫) કાર્યક્રમનો પૂર્ણ વિગત સહનો હેતુ અને ધ્યેય : ....................................................

(૬) સ્ટેજ ઉપર રજૂ થનાર કાર્યક્રમનું નામ અને સંક્ષિપ્ત વિગત : ....................................................

....................................................

(૭) કાર્યક્રમની તારીખ – –૨૦

(૮) શીફ્ટનો પ્રકાર : પહેલી / બીજી / ત્રીજી

(૯) અરજદાર / સંસ્થાના બેન્ક ખાતાની માહિતી : (અ) બેંકનું નામ :

(બ) ખાતા નંબર :

(ક) **IFSC CODE :**

નગરગૃહની તમામ શરતો / નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નગરગૃહ વપરાશના નિયમો / શરતો મેં વાંચ્યા છે અને તે મને તથા કાર્યક્રમ કરનાર સંસ્થાને માન્ય તથા બંધનકર્તા છે.

અરજદારની સહી / સંસ્થાનો સિક્કો

# –: સર સયાજીરાવ નગરગૃહ ઉપયોગ સંબંધી શરતો નિયમો :–

**(સમગ્ર સભા ઠરાવ અંક નંબર : ૬૩/તારીખ : ૨૦-૦૬-૨૦૧૧ થી મંજૂર થયેલ)**

**(સમગ્ર સભા ઠરાવ અંક નંબર : ૧૭૦/તારીખ : ૧૮-૨-૨૦૧૨થી મંજુર તારીખ : ૧-૪-૨૦૧૨થી અમલ)**

૧. સર સયાજીરાવ નગરગૃહ જે સંસ્થા કે વ્યક્તિને વાપરવું હશે તેમણે મહાનગર સેવા સદનને છાપેલા નમૂનામાં ઓછામાં ઓછા પંદર દિવસ અગાઉ અરજી કરવાની રહેશે. અરજી સાથે નિયત કરેલી પૂરેપૂરી ફી આપવાની રહેશે. તે સિવાયની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી. અરજી તથા સર સયાજીરાવ નગરગૃહના બેઠકનો પ્લાન વિના મૂલ્યે સર સયાજીરાવ નગરગૃહ ઉપરથી આપવામાં આવશે. વહેલો તે પહેલાના ધોરણે બુકીંગ કરવામાં આવશે.

એક જ દિવસ માટે એકથી વધુ અરજીઓ આવી હશે તો અરજદારોની રૂબરૂમાં અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી અથવા નિયુક્ત કરેલા અધિકારીઓ ચિઠ્ઠી નાંખી સર સયાજીરાવ નગરગૃહ કોને આપવું તે સંબંધી નિર્ણય લેશે.

૨. અરજી ઉપરથી પરવાનગી આપવી કે નહી તે મ્યુનિસિપલ કમિશનરશ્રીની મનસુફી ઉપર છે. સરકારી કે મહાનગર સેવા સદનના કોઈપણ કાર્યક્રમ માટે હૉલની જરૂર પડ્યે કરેલ બુકીંગ કોઈપણ કારણ આપ્યા સિવાય રદ્દ કરવાનો કમિશનરશ્રીને અધિકાર રહેશે અને તે માટે કોઈપણ વળતર કે નુકશાની આપવામાં આવશે નહી અને તે અંગેનો તેમનો નિર્ણય આખરી રહેશે.

૩. (૧) સર સયાજીરાવ નગરગૃહની ફી ઉપરાંત રજાના દિવસો સિવાય નગરગૃહની ઓફીસે અનામત પેટે ₹ ૧૦,૦૦૦/– ભરવાની રહેશે. પ્રથમ કાર્યક્રમ ઉપર તેના વધુ કાર્યક્રમો માટે દરેક વધારાના કાર્યક્રમ દીઠ વધુ ₹ ૨૦૦/– વસૂલ કરવામાં આવશે. શૉ પૂરો થયા બાદ (રજા તથા જાહેર તહેવારોની રજા સિવાય) ઓફિસ કામકાજના સમય દરમ્યાન અનામત પહોંચ બતાવ્યેથી તથા અરજીમાં દર્શાવ્યા પ્રમાણે શૉ કરવામાં આવેલો છે, તેની સાબિતી જેવી કે પ્રવેશપાસ, અખબારની જાહેરાત વિગેરે આપવાના રહેશે. જો આવી સાબિતી અને પાવતી રજૂ કરવામાં નહી આવે તો ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. અનામતની રકમ સર સયાજીરાવ નગરગૃહની ઓફિસેથી નિયુક્ત કરેલા અધિકારી પરત કરી શકશે.

(૨) સર સયાજીરાવ નગરગૃહની ફી ઉપરાંત સામાજીક, શૈક્ષણિક, રાજકીય હેતુ માટે અનામત પેટે ₹ ૫,૦૦૦/– ભરવાના રહેશે.

૪. સર સયાજીરાવ નગરગૃહનો ઉપયોગ કરવાની ફી તથા અનામતની રકમ સર સયાજીરાવ નગરગૃહની ઓફિસે ભરવાની રહેશે. બુકીંગ ભાડુ તથા અનામત ભર્યાની પહોંચ બતાવ્યા બાદ બોર્ડ કે બેનર નિયત કરેલા સ્થળે મૂકી શકાશે તથા બુકીંગ કરવા દેવામાં આવશે તથા સર સયાજીરાવ નગરગૃહનો કબજો મળી શકશે.

૫. સર સયાજીરાવ નગરગૃહમાં નીચે પ્રમાણે (સમયના વિભાગ) સેશન રહેશે.

પ્રથમ શીફ્ટ – સવારે ૯–૦૦ થી ૧૨–૩૦ કલાકે

દ્વિતીય શીફ્ટ બપોરે ૩–૦૦ થી ૬–૩૦ કલાકે

તૃતીય શીફ્ટ– રાત્રે ૯–૦૦ થી ૧૨–૩૦ કલાકે

દરેક સેશનની શરૂઆત આશરે ૨ કલાક પહેલાં સર સયાજીરાવ નગરગૃહનો કબજો પ્રાથમિક તૈયારી માટે આપવામાં આવશે.

ત્રીજા સેશનની સમય મર્યાદાથી વધુ કાર્યક્રમ ચાલશે તો પ્રત્યેક અડધા કલાક કે તેના ભાગ દીઠ ₹ ૧,૦૦૦/– વધુ ભાગ આપવાના રહેશે.

૬. (૧) શીફ્ટ પ્રમાણે ભાડાના દરો

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ શીફ્ટ | ₹ ૨૦૦૦/– |
| ૨. | દ્વિતીય શીફ્ટ | ₹ ૨૫૦૦/– |
| ૩. | તૃતીય શીફ્ટ | ₹ ૪૦૦૦/– |

(૨) સંસ્થાઓ કે વ્યક્તિઓ દ્વારા યોજાતા ભાષણો, પ્રવચનો, સમારંભો, પરિષદો વગેરે કાર્યક્રમો માટે શીફ્ટ દીઠ (પહેલી અને બીજી શીફ્ટ માટે જ) ₹ ૧૫૦૦/-

(૩) રીહર્સલ લાઈટ-માઈક વગર જે તારીખ બુક કરાવી હોય તેના બે દિવસ અગાઉ ₹ ૨૦૦૦/-

લેખીત માંગણી કરેથી તે દિવસ પૂરતું જ તે જ કાર્યક્રમ માટે ફક્ત એક જ શીફ્ટ

નિયત કરેલી ફીથી મળશે (બુકીંગ ખાલી હશે તો પ્રથમ તેમજ બીજી શીફ્ટ માટે જ મળશે)

(૪) ભાડા ઉપરાંત એરકન્ડિશન, લાઈટ, માઈક સર્વિસ ચાર્જીસ દરેક શીફ્ટ માટે. ₹ ૯૦૦૦/-

(૫) પ્રત્યેક શીફ્ટ દીઠ વહીવટી ચાર્જ ₹ ૧૦૦૦/-

(૬) શો ટેક્ષ ₹ ૧૫/-

(૭) પ્રવર્તમાન દરે સર્વિસ ટેક્ષ અનામતની રકમમાંથી કપાત કરવાનો રહેશે.

૭. વડોદરા મહાનગર સેવા સદન કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કે વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીઓના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કોઈ ચાર્જ કે લાગત વિના સર સયાજીરાવ નગરગૃહનો ઉપયોગ કરી શકશે. મહાનગર સેવા સદનની પ્રવૃત્તિ માટે હૉલ હંમેશા અનામત રહેશે. બેંક ઓફ બરોડા તથા વડોદરા મહાનગર સેવા સદન સાથે થયેલા એમ. ઓ. યુ. પ્રમાણે નિશ્ચિત પ્રસંગો માટે નગરગૃહ બેંક ઓફ બરોડાને વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

૮. રાષ્ટ્રીય તહેવાર કે એવા કોઈ અસાધારણ પ્રસંગોએ કોઈ કાર્યક્રમની ઉજવણી માટે સરકારશ્રીને, કોઈ અર્ધ સરકારી સંસ્થાને મ્યુનિસિપલ કમિશનરશ્રી માફી આપી ઉપયોગ કરવા દઈ શકશે.

૯. (૧) કોઈક સંજોગોમાં સર સયાજીરાવ નગરગૃહનો ઉપયોગ ન કરવો હોય તે પ્રસંગે અરજદારે જે તારીખે સર સયાજીરાવ નગરગૃહ ભાડે રાખ્યું હોય અથવા બદલામાં બુક કરાવ્યું હોય તેના ચોખ્ખા ૧૦ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે. કરાયેલ બુકીંગ નિયમાનુસાર રદ થયેથી ખાલી પડેલ સેશન માટે ડ્રો પદ્ધતિથી નવીન બુકીંગ આપવામાં આવશે.

આ પ્રસંગે એટલે કે સર સયાજીરાવ નગરગૃહનો ઉપયોગ ન કરવા સમયસર આપે અરજીના પ્રસંગે ફક્ત એરકન્ડિશન વિજળી માઈક સર્વિસ ચાર્જીસ પરત કરવામાં આવશે. ફીની રકમ પરત કરવામાં આવશે નહિ.

(૨) સર સયાજીરાવ નગરગૃહ જે તારીખ માટે ભાડે રાખ્યું હોય તે તારીખ બદલી આપવામાં નહી આવે. પરંતુ કોઈ અસાધારણ સંજોગોમાં ફક્ત એક જ વખતે મ્યુનિસિપલ કમિશનરશ્રીની મંજૂરી મળ્યા બાદ કુલ ૫૦% વધુ લઈ, ત્રણ માસ સુધીની તારીખ બદલી આપી શકાશે.

(૩) કુદરતી આફત, અશાંતિ જેવા કાબુ બહારના કારણોસર અથવા આકસ્મિક પ્રસંગોને લીધે શો અરજદારને શો બંધ રાખવા પડે ત્યારે અરજદારની અરજી આવેથી યોગ્ય કારણો અને હકીકતો તપાસી મ્યુનિસિપલ કમિશનરશ્રી પૂરેપૂરી રકમ રીફંડ આપી શકશે અથવા શોની તારીખથી ત્રણ માસ સુધીમાં અન્ય અનુકૂળ તારીખ વિના મૂલ્યે આજ સંજોગોમાં વધુમાં વધુ બે વખત બદલી આપવાનો અધિકાર ધરાવશે.

(૪) જો મ્યુનિસિપલ કમિશનરશ્રીની સૂચનાથી કાર્યક્રમ રદ્દ કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે ભરેલી પૂરેપૂરી રકમ પરત કરવામાં આવશે. આવા સમયે ફક્ત એક જ વખત વધારાની લાગત લીધા વિના ત્રણ માસની અંદર તારીખ બદલી આપવાનો અધિકાર કમિશનરશ્રીને રહેશે.

૧૦. નગરગૃહ વાપરતા સંસ્થા કે વ્યક્તિએ પોતાના કાર્યક્રમ દરમ્યાન નગરગૃહની તમામ ચીજ વસ્તુઓ અને ફર્નિચરને નુકશાન ન થાય તેની સંભાળ રાખવાની રહેશે. અને જો કોઈ પ્રકારનું નુકશાન થશે તો તે વ્યકિત / સંસ્થા જવાબદાર ગણાશે. નુકશાનની રકમ મ્યુનિસિપલ કમિશનરશ્રી નક્કી કરશે અને સદર રકમ સદર સંસ્થા કે વ્યક્તિએ ભરેલી અનામતમાંથી કાપી લેવામાં આવશે. અનામતની રકમ કરતાં નુકશાન વધુ હશે તો તે વધારાની રકમ સદર સંસ્થા કે વ્યક્તિએ ભરપાઈ કરવાની રહેશે. આ નિયમના ભંગ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી જે નિર્ણય લે તે ભાડે રાખનાર અથવા સંસ્થાને બંધનકર્તા રહેશે.

૧૧. સર સયાજીરાવ નગરગૃહ ભાડે રાખનાર સંસ્થા કે વ્યક્તિએ સર સયાજીરાવ નગરગૃહનો કબજો લેતા પહેલા નગરગૃહના જવાબદાર કર્મચારી સાથે રહી તમામ ચીજ વસ્તુઓ વગેરે ચેક કરાવીને સહી કરીને આપવાની રહેશે. સહી નહી કરી હશે તો પાછળથી નુકશાનીના નિર્ણય બાબતમાં કોઈ તકરાર સાંભળવામાં આવશે નહી. નુકશાનીની રકમ બાબતનો મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે.

૧૨. સર સયાજીરાવ નગરગૃહની તમામ ચીજ વસ્તુઓના વપરાશ ઉપર સર સયાજીરાવ નગરગૃહનાં ઓફિસર ઈન્ચાર્જનું નિયંત્રણ રહેશે.

૧૩. કાર્યક્રમ જે સંસ્થાના નામે જાહેર કર્યો હશે તે સંસ્થાનું નામ અને કાર્યક્રમમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી. અને જાહેર કર્યા સિવાય અન્ય સંસ્થા કે અન્ય કાર્યક્રમ કરેલો માલુમ પડશે તો, એ સંસ્થા અને અરજદારનું નામ કાળી યાદીમાં મૂકવામાં આવશે અને અરજી સાથેની અનામત જપ્ત કરવામાં આવશે.

૧૪. સર સયાજીરાવ નગરગૃહમાં વધારાની ખુરશીઓ મૂકવા દેવામાં આવશે નહી તેમજ ખુરશીઓની ગોઠવણમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી. તેમજ નગરગૃહની બેઠકો કરતાં વધુ વ્યક્તિઓને દાખલ કરવા દેવામાં આવશે નહી. અરજદાર નાગરીક કે સંસ્થાએ કલાકારો તથા અન્ય જેઓની સ્ટેજ પર હાજરી જરૂરી છે તેઓને યોગ્ય બેજ આપવાના રહેશે. આવા બેજ પહેરેલા ઈસમો જ સ્ટેજ પર હાજર રહી શકશે.

અરજદાર નાગરીક કે સંસ્થાએ સ્વયંસેવકોને જેઓને દરવાજા પર રહેવાની ફરજ સોંપી હોય તે ઈસમોને યોગ્ય બેજ આપવા તે સિવાયનાને અનઅધિકૃત ગણી બહાર કાઢી શકાશે.

૧૫. સર સયાજીરાવ નગરગૃહમાં કોઈપણ ખાણું કે પીણું લઈ જવા દેવામાં આવશે નહી. બહારના ફેરીયાઓને કે સ્વયંસેવકોને કોઈપણ પ્રકારના ખાવા પીવાની વસ્તુઓ વેચવા દેવામાં આવશે નહી.

૧૬. મનોરંજન કરનું લાયસન્સ પોલીસ પરવાના, રાજ્ય સરકારના વખતોવખત નિયમો તેમજ વડોદરા મહાનગર સેવા સદનના નિયમોનું પાલન કરવાની જવાબદારી સર સયાજીરાવ નગરગૃહ ભાડે રાખનારની રહેશે. પોલીસ કમિશનરશ્રીનું લાયસન્સ તથા સાંસ્કૃતિક બોર્ડનું પ્રમાણપત્ર ભાડે રાખનારે મેળવી લેવાનું રહેશે. પોલીસ વિભાગ અને સરકારના પરવાનાની તમામ ધોરણે અને શરતોનું પાલન ભાડે રાખનારે કરવાનું રહેશે. તેનો ભંગ થશે અને તે સામે જ કોઈ કાયદેસર પગલા ભરાશે તેની જવાબદારી ભાડે રાખનારની રહેશે.

૧૭. સર સયાજીરાવ નગરગૃહની સાથે સંકળાયેલ સ્ટાફ અને મ્યુનિસિપલ કમિશનરે જે અધિકારીને અધિકાર આપ્યો હોય તેવા કર્મચારી સર સયાજીરાવ નગરગૃહના વપરાશ દરમ્યાન સર સયાજીરાવ નગરગૃહનાં કોઈપણ ભાગમાં પ્રવેશી શકશે ચેકીંગ કરી શકશે.

૧૮. અણધાર્યા આકસ્મિક સંજોગોમાં સર સયાજીરાવ નગરગૃહની સુવિધામાં કોઈ વિક્ષેપ પડે તો તે માટે વડોદરા મહાનગર સેવા સદન જવાબદાર રહેશે નહી. વડોદરા મહાનગર સેવા સદન પાસે ઉપલબ્ધ હોય તે સુવિધાઓ જે તે સ્થિતિમાં આપવામાં આવશે.

૧૯. સર સયાજીરાવ નગરગૃહ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં અથવા પરવાનગી નામફેર કરી શકશે નહી.

૨૦. સર સયાજીરાવ નગરગૃહે યોજેલ કોઈ કાર્યક્રમમાં કોપી રાઈટનો ભંગ થતો હશે તો તે માટે વડોદરા મહાનગર સેવા સદનની જવાબદારી રહેશે નહી.

૨૧. સર સયાજીરાવ નગરગૃહમાં લાઈટ, માઈક્રોફોન અને એરકન્ડિશન વિગેરે બાબત અંગે ઓફિસર ઈન્ચાર્જનો સંપર્ક સાધી તેનો નિકાલ કરવાનો રહશે.

૨૨. સર સયાજીરાવ નગરગૃહ લગ્ન કે તેના અનુષાંગી કાર્યક્રમ કે પ્રસંગ માટે આપવામાં આવશે નહીં.

૨૩. સર સયાજીરાવ નગરગૃહમાં રજૂ કરવામાં આવનાર કાર્યક્રમોની રૂપરેખા અને પ્રવચનો વ્યાખ્યાનો વગેરે હોય તો તે અંગેની માહિતી મ્યુનિસિપલ કમિશનરશ્રી અગાઉથી માંગી શકશે. અને તે ન આપવામાં આવે તો નગરગૃહનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

૨૪. સર સયાજીરાવ નગરગૃહ ઉપલબ્ધ હશે તેટલીજ સગવડ આપવામાં આવશે. સ્ટેજની તમામ વ્યવસ્થા અરજદારે પોતાના ખર્ચે કરવાની છે.

૨૫. જે દિવસે કાર્યક્રમ હોય તે દિવસે પ્રતિનિધિઓ બુકીંગ ઓફિસનો ઉપયોગ કરી શકશે. એડવાન્સ બુકીંગ નિયત કરેલા સ્થળે ફક્ત દસ દિવસ અગાઉ કરી શકશે. કાર્યક્રમની જાહેરાત માટેનું બોર્ડ કે બેનર નિયત કરેલા સ્થળે, ફક્ત એક જ કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ લગાડી શકાશે. સાધારણ રીતે આવા બોર્ડ કે બેનર સાઈઝ ૬ ફૂટ × ૪ ફૂટથી વધુ હોવી જોઈએ નહી. સર સયાજીરાવ નગરગૃહની અંદરની કે બહારની કોઈપણ દિવાલ પર આવા બોર્ડ લગાવી શકાશે નહીં.

૨૬. આ સર સયાજીરાવ નગરગૃહમાં નિયત કરેલી **'BB'** લાઈનમાં કુલ ૧૨ બેઠકો મહાનગર સેવા સદન માટે કોઈપણ ચાર્જ વિના દરેક કાર્યક્રમમાં અનામત રાખવી પડશે. અને આ સીટો માટે ટીકીટ કે આમંત્રણ કાર્ડ આપી શકશે નહી.

૨૭. આ નિયમોનું અર્થઘટન અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૮. સર સયાજીરાવ નગરગૃહમાં કોઈ આકસ્મિક સંજોગો કે અકસ્માત પ્રસંગોએ થતાં નુકશાન પેટે મહાનગર સેવા સદન જવાબદાર રહેશે નહી.

૨૯. કોઈપણ પ્રકારનો અઘટિત અગર ગુનાહિત બનાવ કાર્યક્રમ દરમ્યાન (સેશનમાં) બનશે તો તે અંગેની જવાબદારી હૉલનો ઉપયોગ કરનાર અરજદારની રહેશે.

૩૦. જે દિવસના કાર્યક્રમ માટે હૉલ બુક કરાવ્યો હશે તે દિવસે સરસામાન સેટ્સ વિગેરે મૂકવા દેવામાં આવશે. કાર્યક્રમ પૂરો થયા બાદ બીજે દિવસે સવારના ૧૨–૦૦ વાગ્યા સુધી લઈ જવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ નહી થાય તો હૉલ વાપરવા રાખનારને ખર્ચે જોખમે સામાન હૉલની બહાર મૂકાવી દેવાની વ્યવસ્થા કરવામાં આવશે. અને તેની જવાબદારી મહાનગર સેવા સદનની રહેશે નહીં.

૩૧. મૂકવામાં આવતા બોર્ડ કે બેનર સુરૂચીનો ભંગ કરે તેવા અથવા સમાજના વર્તમાન નીતિના ધોરણો વિરૂદ્ધના હશે તો મૂકેલ બોર્ડ સર સયાજીરાવ નગરગૃહના મેનેજરશ્રી ઉઠાવી લઈ શકશે. આ અંગે કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩૨. અરજદાર કે નાગરિક કે સંસ્થાએ પોલીસ કમિશનરશ્રીને જાણ કરી જરૂરી ટ્રાફીક પોલીસની મદદ મેળવી લેવાની રહેશે. તે માટે થનાર ખર્ચ તેઓએ ભોગવવાનો રહેશે.

૩૩. મુખ્ય પડદા સિવાય ઝાલર કે સાઈડના પડખા ઉપર કોઈપણ પ્રકારનું સુશોભન કે પ્રદર્શન માત્ર પુષ્પોથી થઇ શકશે.

૩૪. ઓડીટોરીયમના અંદર અને સ્ટેજ કે અન્ય ભાગમાં મીનીએચર લાઈટ ડેકોરેશન કે તેવા પ્રકારનું કોઈ ડેકોરેશન કરી શકશે નહીં.

૩૫. સર સયાજીરાવ નગરગૃહની અંદરની દિવાલો પર કોઈપણ પ્રકારના બેનર્સ મુકી શકાશે નહીં માત્ર સ્ટેજ પર બેક ડ્રોપ મુકવા દેવામાં આવશે. નિયત કરેલ જગાએ ફકત અરજદાર સંસ્થાનું એક બેનર લગાવવાનું રહેશે. તેની સાથે સ્પોન્સરશીપની જાહેરાતના નામનો ઉલ્લેખ કરવામાં આવશે તો તેની લાગત પણ મહાનગર સેવા સદનના સક્ષમ સત્તાધીશ દ્વારા વખતોવખત મંજૂર કરવામાં આવે તે ભરવાની રહેશે.

૩૬. **અનામતની રકમ તથા પોલીસ પરફોર્મન્સ લાયસન્સ સર સયાજીરાવ નગરગૃહની કચેરીમાં કાર્યક્રમની તારીખ પૂર્વે બે દિવસ પહેલાં જમા કરાવવું ફરજીયાત રહેશે.**

૩૭. પ્રેક્ષકોની સુરક્ષા પ્રવેશ માટે મેટલ ડીટેકટર અને ડ્રેસ કોડ સહિત સીકયુરીટી સ્ટાફની વ્યવસ્થા અરજદારે કરવી ફરજીયાત છે. તે સિવાય હોલમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

૩૮. કોઈપણ સંજોગોમાં ૧૦૦૮ થી વધુ પ્રેક્ષકો આમંત્રિત કરવા પ્રતિબંધિત છે.

૩૯. સર સયાજીરાવ નગરગૃહ સંકુલમાં અગ્નિની જ્વાળાઓ થાય તેવા પ્રયોગો તથા સ્ફોટક ધડાકાવાળા પ્રયોગો તેમજ ધુમાડો થાય તેવા ધુપ–દીપ કરવા પ્રતિબંધિત છે. સર સયાજીરાવ નગર ગૃહમાં ધુમ્રપાન તથા પાન પડીકી ગુટકા તમાકુ વિગેરે પર પ્રતિબંધ છે.

૪૦. કાર્યક્રમની રજૂઆત માટે તૈયાર કરવામાં આવતા બેનરો તથા નિમંત્રણ કાર્ડ અથવા ટિકીટમાં અરજદારનું નામ અને સંસ્થાનું નામ લખવું ફરજીયાત છે.

૪૧. જાહેર જનતાની સુરક્ષાને ધ્યાનમાં લેતાં કોઈપણ સંજોગોમાં પ્રથમ અને બીજી શીફટમાં નિયત સમયમાં પ્રોગ્રામ શરૂ કરવો તેમજ પૂરો કરવાનો રહેશે તથા ત્રીજી શીફટમાં પણ રાત્રે ૧–૦૦ વાગ્યા બાદ કાર્યક્રમ બંધ કરવો ફરજીયાત છે.

૪૨. સર સયાજીરાવ નગરગૃહમા ઠરાવેલ નિયમો ઉપરાંત હાલની સ્થળ સ્થિતિને ધ્યાનમાં લેતા તથા પ્રેક્ષકોની સુવિધાઓ અંગે સુરક્ષાની બાબતને ધ્યાને લેતાં તમામ શરતો / નિયમોનું અરજદાર અને સંસ્થાએ અચૂક પાલન કરવાનું રહેશે.

ઉપરોકત તમામ શરતો / નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. અન્યથા કાર્યક્રમ બંધ કરવાની ફરજ પડશે.

અરજદારની સહી

સંસ્થાનો સિકકો

---

## ઓફિસ ઉપયોગ માટે

સર સયાજીરાવ નગરગૃહ તારીખ ______________ માટે ભાડાની રકમ ₹ ______________

પ્રત્યેક શીફટ દીઠ વહીવટી ચાર્જ ₹ ______________ એરકન્ડિશન સર્વિસ ચાર્જ ₹ ______________

તથા શો ટેક્ષ ₹ ______________ મળી કુલ ₹ ______________

પાવતી નંબર ______________ તારીખ ______________

થી હૉલ ખાલી હોઈ ફાળવવામાં આવેલ છે.

જુનિયર કલાર્ક　　　　મેનેજર　　　　ટુરીસ્ટ ઓફિસર

સર સયાજીરાવ નગરગૃહ ખાલી હોઈ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

પ્રોજેકટ એન્જિનીયર (ગેસ)

વડોદરા મહાનગર સેવા સદન